પી ભારતી(IAS)
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
એસપીઓ, સમગ્ર શિક્ષા

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીની કચેરી,
સમગ્ર શિક્ષા, સેક્ટર–૧૭, ગાંધીનગર.
ફોન નં.૦૭૯–૨૩૨૪૩૧૩૩
e-mail : - spdssa@gmail.com
Toll Free No.1800-233-7965

**પત્રક્રમાંક:એસએસએ/QEM/1/૨૦૨૦/** ૩૩૮૨૭-૮૦૯૨ તા.૦૧/૧૦/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા - તમામ

પ્રતિ,
જિલ્લા પ્રોજેક્ટ કો ઓર્ડીનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા - તમામ
શાસનાધિકારીશ્રી -અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત.

**વિષય : શિક્ષકો માટેનો "હોમ લર્નિંગ ઓનલાઇન કોર્ષ" માં જોડાવા અંગે.**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, કોરોના મહામારી દરમિયાન વિદ્યાર્થીઓના શિક્ષણ માટે શિક્ષણ વિભાગ દ્વારા વિવિધ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જે અંગે પ્રથમ, વિદ્યાર્થીઓને ઘરે પાઠ્યપુસ્તક આપવામાં આવ્યા અને પછી દુરદર્શન કેન્દ્ર, ડી. ડી. ગિરનારથી ધોરણ ૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ, વર્ચ્યુઅલ ક્લાસ, એકમ કસોટી, ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે માસના પ્રથમ શનિવારે એક્ઝામ્પ્લર તેમજ અત્રેની કચેરીથી ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) દ્વારા શિક્ષણ આપવાનો પ્રયાસ કરવામાં આવે છે.

"હોમ લર્નિંગ" અંતર્ગત કરવામાં આવતા વિવિધ પ્રયાસ અંગે શિક્ષક મિત્રોમાં જાગૃતિ આવે અને વિદ્યાર્થીઓને કયા કયા માધ્યમથી શિક્ષણ આપવામાં આવે છે તેમજ આ અંગે શિક્ષક મિત્રોની શું ભૂમિકા વાલી મિત્રોની શું ભૂમિકા અને સમગ્ર હોમ લર્નિંગ અંતર્ગત વિદ્યાર્થીના શૈક્ષણિક વિકાસ માટે કેવા કેવા પ્રકારે કાળજી લેવી જેવી બાબતોની જાણકારી મળે તે હેતુથી COVID-19 ના સમયમાં સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા રાજ્યના તમામ શિક્ષકો માટે હોમ લર્નિંગ કાર્યક્રમની સમજ સ્પષ્ટ કરવા માટે આ સર્ટીફિકેટ કોર્ષ તૈયાર કરવામાં આવેલ છે. જેમાં જોડાઈને આપ વિદ્યાર્થીઓના શિક્ષણની સાતત્યતા સુનિશ્ચિત કરી શકશો. શિક્ષક મિત્રો માટે તા.૨૫/૦૯/૨૦૨૦ થી તા.૧૫/૧૦/૨૦૨૦ સુધી "હોમ લર્નિંગ ઓનલાઈન કોર્ષ" નું આયોજન કરવામાં આવ્યું છે.

Scanned by CamScanner

ઉપરોક્ત બાબત ધ્યાને લઇ આપના જિલ્લાના તમામ પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષકો તા.૧૫/૧૦/૨૦૨૦ સુધીમાં "હોમ લર્નિંગ ઓનલાઈન કોર્ષ" પૂર્ણ કરે તેવી સુચના આપશો તથા કોર્ષ અંગે આપવામાં આવેલ બાબતો વિદ્યાર્થીઓના શિક્ષણ વિકાસમાં ઉપયોગ કરવા આપની કક્ષાએથી જાણ કરશો.

જેથી રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળા અને માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકો આ કોર્ષમાં જોડાય અને કોર્ષ પૂર્ણ કરે તે અંગે આપની કક્ષાએથી જાણકારી અને માર્ગદર્શન આપવા જણાવવામાં આવે છે. સદર કોર્ષમાં જોડવા માટે દીક્ષા પ્લેટફોર્મ પરથી જોડાઈ શકાશે. કોર્ષમાં આપેલ વીડિયો જોઈ પ્રશ્નોના જવાબ આપવાના છે. કોર્ષની અવધિ માત્ર એક કલાકની છે. કોર્ષ પૂર્ણ થતા જે તે શિક્ષકને પોતાનું સર્ટીફીકેટ પ્રાપ્ત થશે.

નીચે આપેલ QR Code પરથી ક્લિક કરવાથી આ કોર્ષ પર જઈ શકાશે.

(પી. ભારતી)

નકલ સવિનય રવાના જાણ સારૂં:

- માન. સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક), શિક્ષણ વિભાગ, ગાંધીનગર.

નકલ સવિનય રવાના:

- માન.નિયામકશ્રી,શાળાઓની કચેરી,ગાંધીનગર
- માન.નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી,GCERT, ગાંધીનગર.

તા. ૦૩/૧૦/૨૦૨૦.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની મા. અને ઉ.મા. શાળાઓ,
વ)– જાણ તથા અમલ થવા સારૂ...

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત

Scanned by CamScanner